



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા
યુવા સભા, ઉપાસના ધામ, અમદાવાદ,
શ્રી હનુમાન જયંતી, ૧૨ એપ્રિલ ૨૦૨૫

**આજે** શ્રી હનુમાન જયંતીનો શુભ અને પવિત્ર દિવસ. આપણો ભક્તિમાર્ગ છે. આદર્શ ભક્તિની વ્યાખ્યા અને ભક્તિનું નવસંવર્ધન એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ! ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યદિને આપણે એમણે કરેલા ધાર્મિક, સામાજિક, આર્થિક સુધારાઓની સાથે સાથે જે આધ્યાત્મિક પ્રગતિ તરફ આખા સમાજને દોર્યો એના મહિમાની વાતો કરી. આજે પૂર્ણિમાએ આદર્શ ભક્ત કે જેઓ ભગવાનને રહેવાનું ધામ બની ગયા એવા શ્રી હનુમાનદાદાની પ્રાગટ્ય જયંતી અને તેઓ શક્તિનું, ભક્તિનું ભરપૂર સ્વરૂપ !

શ્રી સ્વામિનારાયણ ભગવાને 'ગઢડા મધ્ય ૬૨ના વચનામૃત'માં સૌને પોતપોતાનાં અંગ પ્રમાણેની ભક્તિ કરવાની વાત સમજાવી છે. આત્મનિષ્ઠાની ભક્તિમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે, 'શુકદેવજીનું જે જીવન છે એ આપણને આત્મનિષ્ઠાની ભક્તિનું દર્શન કરાવે છે.' આપણે બોલીએ તો છીએ કે, 'અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમ ગુરુહરિનો દાસ છું.' પણ પોતાને અક્ષર માનવું અને અક્ષરરૂપ આ દેહના ભાવમાંથી ઉપર ઊઠીને આત્માના ભાવથી જીવવું એ ઘણું અઘરું છે. 'ભાગવત'માં અતિશય માહાત્મ્ય સાથે શુકદેવજીના ચરિત્રનું વર્ણન આવે છે કે, એમની કેવી સ્થિતિ હતી ! તેઓ કેવા ભાવથી જીવતા હતા ! શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ શુકદેવજીને શ્રેષ્ઠ ભક્ત કહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે દેહથી એવી તપશ્ચર્યા કરી અને એવો દૃઢ નિશ્ચય કર્યો કે, માતા-પિતા દ્વારા મળેલું લોહી પણ મારા શરીરમાંથી નીકળી જાય, સુકાઈ જાય. શ્રી સ્વામિનારાયણ ભગવાને એમના સ્વમુખે એમ કહ્યું છે કે, 'ત્યારે અમને કંઈ વાગે ત્યારે લોહી નીકળવાને બદલે પાણી નીકળતું.' આત્મનિષ્ઠા-હું દેહ નથી, હું આત્મા છું, અને આત્મા તો અજર-અમર છે. આપણને બધાને જ્ઞાન છે કે, એ આત્મા મરતો નથી, એ બળતો નથી, એ કપાતો નથી, પણ એ બહુ ઊંચી સ્થિતિ છે.

બીજું અંગ છે પ્રીતિનું. એમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને વ્રજની ગોપીઓને વખાણી છે. ભગવાન શ્રી કૃષ્ણના સમયમાં ગોપ-ગોવાળિયાઓ સાથે ભગવાને જે લીલાઓ કરી એનાથી તેઓને ભગવાનને વિશે જે દિવ્યભાવ થયો એ અસાધારણ પ્રીતિના ભાવનું વર્ણન કરતાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ગોકુળ-વૃંદાવનની ગોપીઓનું દૃષ્ટાંત આપે છે. 'ગોપી' એ ભાવ છે, અને ગોપીઓનો જે પ્રેમ છે એ પ્રદર્શનનો પ્રેમ નથી, પણ 'ગોપીભાવ' એ ભગવાનને માટેના અંદરના અસાધારણ પ્રેમનો ભાવ છે.

ત્રીજું અંગ છે દાસત્વભાવ. દાસત્વભાવ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં બે ભક્તોને યાદ કર્યા છે. એક હનુમાનદાદાને અને બીજા ઉદ્ધવજીને. હનુમાનજી અને ઉદ્ધવજીને એમણે દાસત્વ અંગવાળા કહ્યા છે. ભગવાન જેટલાં ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થી, શક્તિ હોવા છતાં એમણે ભગવાનની સેવા કરવામાં એ બધું વાપર્યું છે ; જેની કથા આપણે જાણીએ છીએ, સાંભળીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયમાં જે ૬ મંદિરો બંધાયાં અને તે પછી સંપ્રદાયની અનેક શાખા, પ્રશાખાઓનાં જે જે મંદિરો થયાં એ મંદિરોનાં પ્રવેશદ્વારોમાં શુભ અને મંગલ કરનારા એવા દેવ શ્રી ગણપતિજી અને ભક્તોનાં કષ્ટને હરનારા એવા દેવ શ્રી હનુમાનજીને

પધરાવ્યા છે. કોઈ પણ ભક્ત મંદિરમાં ઈષ્ટદેવનાં દર્શન કરવા માટે પ્રવેશ કરે એ પહેલાં આ બંને દેવોનાં દર્શન કરીને, એમના વિશેની આવી ભાવના કરીને પછી ગર્ભગૃહમાં અંદર ઈષ્ટદેવનાં દર્શન કરે તો એને યથાર્થ દર્શન પ્રાપ્ત થયાં કહેવાય.

દાસત્વપણાની ભક્તિની જે વાત સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં કરી છે, એનાં ચાર સ્ટૅપ્સ યોગીબાપાએ 'યોગીગીતા'માં લખ્યાં છે એ વાંચી સંભળાવું. પહેલામાં પહેલું તો ઈષ્ટદેવના દાસત્વપણામાં ચાર કલમ સમજવાની આવે છે. એક, 'ઈષ્ટદેવનાં દર્શન ગમે.' ઈષ્ટદેવ ગમે તો એમનાં દર્શન ગમે. ત્યાંથી આપણી આધ્યાત્મિક યાત્રા શરૂ થાય છે.

બીજું સૂત્ર છે : 'ઈષ્ટદેવ પાસે રહેવું ગમે.' 'રહેવું ગમે' એટલે સતત એમના સંપર્કમાં રહેવું ગમે, એમની નિશ્રામાં રહેવું ગમે, એમના શરણમાં રહેવું ગમે. એમનો–સાહેબદાદાનો સંગ ગમે. કારણ કે, સાહેબદાદા પોતે હંમેશાં ગુણગાન અને મહિમાની વાતો કરે છે અને એ પ્રમાણે જીવન જીવવાની આપણને સૂઝ પણ આપે છે. જેમ કે, બહુ વર્ષો પહેલાં એમણે એક સૂત્ર આપ્યું કે, 'Think Positive Rest Will Follow–હંમેશાં સવળું વિચારો, પાછળ બધું ભગવાન સરસ જ ગોઠવી દેશે.'

અંગ્રેજીની કહેવત છે કે, 'Well begun is half done.' તમે સકારાત્મક ભૂમિકાથી, સકારાત્મક મનોભાવથી કોઈ પણ કાર્ય હાથમાં લો છો કે કાર્ય શરૂ કરો છો તો એમાં તમે અવશ્ય સફળ થવાના. સકારાત્મકભાવ કે, ભગવાન મને નિમિત્ત બનાવે છે, અને આજ્ઞા કરી છે તો લાવોને હું કોશિશ તો કરું, પ્રયત્ન તો કરું ! એવી સકારાત્મકતાથી, હકારાત્મકતાથી જેઓ કોશિશ કે પ્રયત્ન કરે છે એના માટે આપણા વડીલો એવું કહે છે કે, 'તમે એક ડગલું ચાલો તો એ ૯૯ ડગલાં સામેથી ચાલીને આવીને તમને મળશે.' તો હું મારા પક્ષેથી મારો પ્રયત્ન તો કરું, એક ડગલું તો ચાલું ! કારણ કે, આ ભક્તિમાર્ગ છે. અને ભક્તિમાર્ગમાં આપણે કર્મના માધ્યમ દ્વારા ભક્તિ અદા કરીએ છીએ.

ત્રીજી વાત આવે છે, 'ઈષ્ટદેવની ક્રિયા ગમે.' હવે નિર્દોષબુદ્ધિનું ત્રીજું પગથિયું શરૂ થાય છે. અહીંયાં 'ક્રિયા' શબ્દ લખ્યો છે, પણ જ્યારે આપણને એમના વિશે દિવ્યભાવ થાય ત્યારે એ 'ક્રિયા'ને શાસ્ત્રની ભાષામાં 'લીલા' કહેવામાં આવે છે. ઈષ્ટદેવ જે કંઈ પણ કરે છે એ અનેક જીવોનાં હિત, કલ્યાણ અને મંગલ માટે કરે છે. મને મારી માન્યતા અને મારી બુદ્ધિના ચોકઠા પ્રમાણે એ સમજાતું નથી, સ્વીકારાતું નથી ને એટલે મનાતું નથી; પણ તેઓ જે કરી રહ્યા છે એ સાચું જ કરી રહ્યા છે, સારું જ કરી રહ્યા છે !

ઉદ્ધવજી ભગવાન શ્રી કૃષ્ણના નિજ સેવક તરીકે રહ્યા હતા. 'ભાગવત'ની કથા એવું કહે છે કે, રાત્રે ૧૨:૦૦ વાગ્યે ઊઠીને રથ જોડવાનો હોય તો ઉદ્ધવજી ભગવાનને પ્રશ્ન પૂછતા નથી કે, 'ક્યાં જવું છે અત્યારે ?'–મોટા પુરુષની ક્રિયામાં કોઈ પણ પ્રકારની શંકા નહીં. શંકા થાય તો પ્રશ્ન પૂછે, પણ શંકા જ નહીં એટલે પ્રશ્ન પૂછવાનો રહેતો નથી. ભગવાન એટલું કહે કે, 'રથ લઈ આવ.' એટલે રથ લઈ આવે. ક્યાં જવું છે ? શું કરવું છે ? એ પ્રશ્ન જ નહિ. તેઓ રથમાં બેસશે એટલે જે કંઈ હશે તે કહેશે કે, ડાબી બાજુ કે જમણી બાજુ લો. ઉદ્ધવજીને 'ભાગવત'માં શ્રી કૃષ્ણ ભગવાનના શ્રેષ્ઠ ભક્ત કહ્યા છે.

આપણને સૌનેય એ કથા ખબર છે કે, ગોકુળ-વૃંદાવન છોડ્યા પછીથી ભગવાન શ્રીકૃષ્ણ પાછા ગોકુળ-વૃંદાવન પધાર્યા નથી. તેથી એક દિવસ શ્રી કૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને એમ કહે છે કે, 'મને ગોકુળ-વૃંદાવન યાદ આવે છે એટલે મારા ખબર આપી આવ ને એમના ખબર લઈ આવ.' ગોપીઓ ગૃહસ્થ છે, એમનું ગૌપાલનનું કામ ચાલે છે, એ દૂધ દોહે છે, એ છાશ વલોવે છે, એ માખણ કરે છે, એમને બાળ-બચ્ચાં, કુટુંબ-પરિવાર બધું છે; પણ ભગવાન માટેની પ્રીતિ છે તો હૈયામાં ભગવાન બેઠા છે, પણ સ્વધર્મ પ્રમાણે શરીર કામ કરે છે. ઉદ્ધવજી વૃંદાવન ગયા ત્યારે એમને એમ હતું કે, ગોપીઓ બધી શ્રી કૃષ્ણના વિરહમાં સુકાઈને ચાપડા જેવી થઈ ગઈ હશે. કેમ કે શ્રી કૃષ્ણ પાછા વૃંદાવન આવ્યા જ નથી. પણ ગોપીઓ તો એમની મસ્તીમાં ખાય-પીવે છે, હરે-ફરે છે, ઘરનાં કામકાજ બધું કરે છે ને ગોકુળ-વૃંદાવનનું વાતાવરણ કિલ્લોલ કિલ્લોલ છે ! ઉદ્ધવજીને થયું કે, બહુ લાંબો સમય થયો એટલે આ બધી શ્રી કૃષ્ણને ભૂલી ગઈ લાગે છે ! ઉદ્ધવજી તો પરમ જ્ઞાની હતા, પણ આપણી કક્ષાનું વર્ણન 'ભાગવત'માં ઉદ્ધવજીને નિમિત્ત બનાવીને બતાવે છે. ગોપીઓએ કોઈ દિવસ ઉદ્ધવજીનાં દર્શન કરેલાં નહીં. એટલે એમણે કહ્યું કે, 'હું ભગવાન શ્રી કૃષ્ણનો સેવક તમારા માટે સંદેશો લઈને આવ્યો છું.' ગોપીઓએ એમને સામે પૂછ્યું, 'કયા કૃષ્ણ ?' એટલે પેલી જે 'ભૂલી ગઈ હશે' એ શંકા ઉદ્ધવજીને પાકી થઈ. આ આપણી વાત થાય છે, આપણને આવું જ થતું હોય છે. પછી કૃષ્ણ કેટલા યાદ છે અને કૃષ્ણ ક્યાં છે એનું જ્યારે ગોપીઓએ વર્ણન કરવા માંડ્યું કે, 'આ યમુનાનાં નીરમાં કૃષ્ણ, કદમના વૃક્ષમાં કૃષ્ણ, અહીંયાં લત્તા-વેલીમાં કૃષ્ણ, ગાયોમાં કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ... કૃષ્ણ સિવાય કશું છે જ નહીં.' ઉદ્ધવજી પાછા આવ્યા એટલે ભગવાન પણ મરકતાં મરકતાં પૂછે છે, 'શું બધી ગોપીઓ મને યાદ કરે છે કે ભૂલી ગઈ છે ?' એટલે ઉદ્ધવજી કહે છે, 'બાપજી, એ તો

રોમે રોમ તમને ધારીને જીવે છે. પણ તમે મને સંદેશો આપવા માટે નહોતો મોકલ્યો, મને શિખામણ લેવા માટે મોકલ્યો હતો.'

ઉદ્ધવજી શ્રીકૃષ્ણ કરતાં ઉંમરમાં મોટા અને ભગવાનના અંગત સેવક એટલે વ્રજની ચરણરજ, ગોપીઓની ચરણરજ નીચે નમીને લેવા ના દે એટલો બધો ઉદ્ધવજીનો ગોપીઓને મહિમા હતો. પણ એ ઇચ્છા બાકી રહી હતી એટલે ભગવાન પાસે આવીને એમણે માગણી કરી કે, 'આવતો જન્મ મને વૃંદાવનમાં વૃક્ષ-વેલીના રૂપમાં આપજો કે જેથી કરીને ગોપ-ગોવાળિયા, ગાયો ને ગોપીજનોની અવરજવર થાય અને જે ધૂળ ઊડે એ વ્રજની ધૂળ મારા શરીર પર પડે.' ત્યાં ગોપીઓનો ચરણસ્પર્શ કરી નથી શક્યા તો આવીને ભગવાન પાસે માગે છે કે, 'એમની ચરણની રજ મારા માથા પર પડે, મારા શરીર પર પડે એવો મને અવતાર આપજો, જેથી મારું જીવન ધન્ય બને.' ચરણરજનો, તીર્થસ્થાનનો કેટલો મહિમા છે એ 'ભાગવત'માં આ દૃષ્ટાંતથી સમજાવે છે.

**પછી શ્રીજીમહારાજ વાર્તા કરીને પછી પોતાની ઇચ્છાએ કરીને બોલતા હવા જે, અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે, જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે. તેમાં એક તો અતિશય આત્મનિષ્ઠા જે, શુકજીની પેઠે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું. અને બીજું પતિવ્રતાનું અંગ જે, ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું. અને ત્રીજું દાસપણાનું અંગ જે, હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું. એ ત્રણ અંગ વિના કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ થતું નથી. અને અમે તો એ ત્રણ અંગને દૃઢ કરી રાખીએ છીએ**

આમ, એમની પાસે જેવા અંગનો જાય એ પ્રમાણે એનો ભાવ તેઓ ગ્રહણ કરે. આત્મજ્ઞાની જાય તો પોતાનો આત્મભાવ બતાવે, કોઈ પ્રેમભાવવાળો જાય તો પોતાનો પ્રેમભાવ બતાવે અને કોઈ દાસત્વભક્તિવાળો જાય તો દાસત્વભાવ બતાવે.

**અમે તો એ ત્રણ અંગને દૃઢ કરી રાખીએ છીએ અને એ ત્રણ અંગમાંથી જેને એકેય અંગ દૃઢપણે હોય તો તે કૃતાર્થ થાય છે.**

આપણા શરીરના બંધારણ-DNA પ્રમાણે, આપણાં માતા-પિતા, આપણી કુળપરંપરા પ્રમાણે ભગવાને આપણા દરેકનું શરીર બનાવ્યું છે. જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને એને હાથ, નાક, કાન બધું ઉત્પન્ન થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં બાળકનો જન્મ થાય એની આખી વાત સમજાવી છે. એનાં બધાં અંગ વિકાસ પામે છે અને નવ મહિના માના ઉદરમાં રહીને એ બાળક પૃથ્વીલોક પર આવે છે, પણ મૂળ મૅડિકલ ભાષામાં જેને DNA કહેવાય - એ એનાં માતા-પિતાનાં બીજ સંસ્કારની સાથે જોડાયેલાં છે. આપણે બધા અલગ અલગ કુટુંબ-પરિવારમાંથી આવ્યા છીએ, આપણા બધાના DNA અલગ અલગ છે. સત્સંગની ભાષામાં કહીએ તો આપણા બધાનાં અંગ પણ અલગ અલગ છે. એને વધારે સારી રીતે સમજાવવું હોય તો આયુર્વેદવાળા એમ કહે છે કે, તમારી જન્મજાત પ્રકૃતિ વાત, પિત્ત કે કફપ્રધાન છે. ઉંમર પ્રમાણે એ વાત, પિત્ત અને કફ વધે-ઘટે છે. એટલે માતા-પિતા દ્વારા જે શરીર બન્યું એની પ્રકૃતિ કાં વાતપ્રધાન હોય કાં પિત્તપ્રધાન હોય કાં કફપ્રધાન હોય અને એ ત્રણેયમાંથી એકનું પ્રધાનપણું હોય. એવી રીતે જીવનવ્યવહાર માટેનો આપણો જે અભિગમ છે- ઍપ્રોચ છે, એ કોઈકનો બુદ્ધિપ્રધાન હોય, કોઈકનો હૃદયપ્રધાન હોય અને કોઈકનો દાસત્વપણાનો હોય; આ આપણી એક સહજ પ્રકૃતિ છે.

'હું જ્યાં સુધી જોઉં નહીં ત્યાં સુધી માનું નહીં.' એટલે કોઈનું કીધેલું માને નહીં, એને ખાતરી કરાવવી પડે, બતાવવું પડે એ બુદ્ધિપ્રધાન. હૃદયપ્રધાન એટલે પ્રેમપ્રધાન. ગમી ગયું એટલે ગમી ગયું. ઘણી દીકરીઓ પ્રેમ કરે છે, માતા-પિતા દીકરીને કેટલુંય સમજાવે કે, છોકરો કશું ભણ્યો નથી, એના બાપ પાસે કંઈ મિલકત નથી. પણ love is blind - તેનું ઊર્મિપ્રધાન તંત્ર હોય, હૃદયપ્રધાન તંત્ર હોય. અને ત્રીજાને સેવકભાવ-દાસત્વભાવ; આ ત્રણ અંગ છે.

એમ, ભક્તિમાર્ગમાં પણ ત્રણ માર્ગ છે. એક આત્મનિષ્ઠા એટલે જ્ઞાનનો માર્ગ-'હું દેહ નથી, હું આત્મા છું, હું અક્ષર છું, મારા વિશે પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ નારાયણ સદાય બિરાજમાન છે; એ આત્માનો ભાવ. દેહનો ભાવ જ નથી-દેહાતીત વર્તનારા એવા આત્મનિષ્ઠ પુરુષોને આપણે આ સંસારમાં જોયા છે. એક સામાન્ય દાખલો આપીએ તો સરદાર પટેલસાહેબને બગલમાં બામલી થયેલી. ગરમગરમ સળિયો લગાડીને દામ દઈ દીધો ને દઝાડીને મટાડી દીધું. શરીરની પીડા આટલી હદ સુધી તેઓ હસતે મોઢે સહન કરી શકે એવી એમની આત્મનિષ્ઠા હતી. અને એટલે તેઓ લોખંડી પુરુષ તરીકે ઓળખાયા.

એવા આધ્યાત્મિક ગુણના શ્રેષ્ઠ દૃષ્ટાંત તરીકે શુકદેવજીને બતાવ્યા. 'ભાગવત'માં દૃષ્ટાંત છે કે, શ્રી વ્યાસજીને જોઈ ગોપીઓ સરોવરમાં નહાતી હતી તો દોડી દોડીને ગોપીઓએ પોતાનાં વસ્ત્રોથી શરીર ઢાંકી દીધાં. અને એવા જ એક બીજા પ્રસંગે શુકદેવજી નીકળ્યા તો તેઓ જેમ નહાતી હતી તેમ નહાતી રહી. સરખામણી નથી પણ બે સ્થિતિ આપણને સમજાવવા માટે બતાવી છે કે એકને શરીરનું ભાન જ નથી. પોતાના

શરીરનું ભાન નથી માત્ર એવું નહીં, પણ સામાના શરીરનું પણ ભાન નથી. પોતે પુરુષ છે ને સામે સ્ત્રી છે તેવું પણ ભાન નથી. સ્ત્રી અને પુરુષ એ શરીરના અંગની રચના છે. પણ અંદર જે પ્રાણ ધબકે છે એ તો બંનેનો એકસરખો જ ધબકે છે. નાનું બાળક હોય, માતા-પિતા કે દાદા-દાદી હોય-એ દરેકની અંદર સરખો પ્રાણ ધબકે છે; એવી આત્મનિષ્ઠાની કથા કરવી સહેલી છે, અને સારી પણ લાગે છે. પણ બહુ અઘરી વાત છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને આ 'વચનામૃત'ની અંદર ઉદ્ધવજી, હનુમાનજી, શુકદેવજી, ગોપીઓ ને બધાંનાં દૃષ્ટાંતના આધાર લઈને જણાવ્યું કે, આ આપણી ધરોહર છે, આ આપણી પરંપરા છે અને એ પરંપરામાં આપણે ભક્તિમાર્ગમાં આગળ વધવાનું છે. આ 'વચનામૃત' બહુ સુંદર છે, જેને યોગીબાપાએ 'યોગીગીતા'ના મુદ્દામાં યાદ કરીને પોતાનું અંગ શોધી રાખવા જણાવ્યું છે. સૌએ પોતપોતાના આશ્રમ અને પોતપોતાના દેશ, કાળ, મંત્ર, શાસ્ત્ર ને દીક્ષાની મર્યાદામાં રહીને સ્ત્રીઓએ સ્ત્રીઓની રીતે અને પુરુષોએ પુરુષોની રીતે, ગૃહસ્થોએ ગૃહસ્થોની રીતે અને સંન્યાસીઓએ સંન્યાસીની રીતે - કોઈ પણ હિસાબે પોતાને મળ્યું એ જીવન ભગવાનના પ્રગટ સ્વરૂપની પ્રસન્નતાને અર્થે વપરાય, ખર્ચાય તો એ પ્રમાણ થયું કહેવાય. એવી વાત શ્રી સ્વામિનારાયણ ભગવાને આ 'વચનામૃત'માં સમજાવી છે.

સત્શાસ્ત્રનો અભ્યાસ કરતાં રહેવું જોઈએ. સભામાં આવ્યા, કશુંક સાંભળ્યું, અધકચરું સમજ્યા, આપણને ફાવ્યું એટલું આપણે લીધું-આપણને ના ફાવ્યું એટલું પડતું મૂક્યું પણ હાર્દ સુધી પહોંચ્યા નહીં. પણ હવે સમય એવો આવી રહ્યો છે અને કુટુંબ-પરિવારમાં સંજોગો પણ એવા ઊભા થઈ રહ્યા છે કે, આપણે એના હાર્દ સુધી પહોંચવું પડશે. અને તો આપણે પરિવાર જીવનમાં, સમાજ જીવનમાં, વ્યાવસાયિક જીવનમાં અને આધ્યાત્મિક જીવનમાં ઊણાં નહીં ઊતરીએ, એમાં પાર પડીશું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં એવા સંતો અને ભક્તો પાક્યા. અને શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં પણ લખ્યું કે, પૂર્વે જે થઈ ગયા એ ભગવાનના અવતાર અને એ અવતાર વખતના ભક્તોને વિશે આપણને જેવો ભાવ છે એવો ભાવ અત્યારે જે મનુષ્ય શરીરમાં પ્રભુ વિચરી રહ્યા છે તેમને વિશે ને તેમના સંબંધવાળા ભક્તોને વિશે થાય તો એને બીજું કાંઈ કરવાનું રહેતું નથી; એવું 'મુદ્દાનું વચનામૃત' શ્રી સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે. આવાં ચાર-છ-આઠ વચનામૃતની કડી બેસાડી, એને આપણે મગજમાં ફીટ કરી દીધું હોય તો જલસા હી જલસા!

બોલો હનુમાનદાદાની જય! ◆

